| |
|---|
| **પોરબંદરના નામદાર બીજા એડી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. પોરબંદર** |
| **CC** 506–2026 |
| **આરોપીનું નામ :– (૧) અલીઅસગર અબુ કમાલ પટેલીયા (૩) મુકેશભાઈ માલાભાઈ ચુડાસમા** |
| **કલમ :– ગુજરાત મત્સ્યોધોગ અધિનિયમ–૨૦૦૩ ના કાયદાની કલમ–૨૧(૧)ચ** |

**આંક.૦૧ લગત હુકમ :–**

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપીઓ વિરૂદ્ધ **ગુજરાત મત્સ્યોધોગ અધિનિયમ–૨૦૦૩ ના કાયદાની કલમ–૨૧(૧)ચ** મુજબનો ગુન્હો નોંધેલ છે. આ કામમાં આરોપી નં. (૧),(૩) હાજર થતા આરોપી નં.(૧),(૩) ની પ્લી લેતા આરોપી નં. (૧),(૩) નાએ તેની સામેના ગુનાનો સ્વીકાર કરેલ છે અને કબુલાત પુરશીશ રજુ રાખેલ છે. જયારે આરોપી નં. (૨) વિરૂદ્ધ આંક–૦૫ ની અરજી લગત થયેલ હુકમ મુજબ આરોપી નં.(૨) નું ચાર્જશીટ અલગ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૨.** આ કામે આરોપી નં. (૧),(૩)ની કબુલાત પુરશીશ વંચાણે લેતાં, આરોપી ગરીબ અને મજુર વર્ગના માણસ છે અને તેમની આર્થીક પરિસ્થિતી નબળી છે. આરોપી સામે સામાન્ય ગુન્હાનો આક્ષેપ છે એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને કુટુંબની જવાબદારી તેમની ઉપર છે તેવી હકીકત જણાવીને તેમને ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે. આમ, આરોપી તેની સામેના ગુન્હાનો સ્વૈચ્છિક સ્વીકાર કરે છે જેથી આરોપી સામેનો ગુન્હો હું સાબિત માનુ છું. આ કામમાં આરોપીની કબુલાત પુરશીશમાં જણાવેલ રજુઆતો ધ્યાને લેતાં તથા GLR 2005(1) Page No.709 પર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટના ગુજરાત રાજય વિરૂદ્ધ નટવર હરચંદજીના કેસમાં આપેલ સમજુતી મુજબ, આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતાં ઓછામાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું માનવું છે અને તે સંજોગોમાં આરોપીને કાયદામાં નિર્દીષ્ટ સજા કરતાં ઓછી સજા કરવા માટેના પુરતા કારણો જણાતા હોય, સદરહુ ગુન્હામાં આરોપીને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપી નં. (૧),(૩) ને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ મુજબ તેમની સામે આક્ષેપીત શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા.૨,૦૦૦*૨=૪,૦૦૦/– (અંકે રૂપીયા ચાર હજાર પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો તેમને **દિન–૦૩ (ત્રણ)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪ મી, માહે – માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા : ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ : પોરબંદર**

**(કોમલ કુનાલ રાઠોડ)**
**બીજા એડી. ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ**
**પોરબંદર**
**GJ-01130**